વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ મો : ૯૮૨૫૨૩૯૨૯૦ e-mail : dee@nau.in, Website : www.nau.in

# કૃષિ મહોત્સવ–૨૦૧૪
## આયોજન સબંધી પ્રાથમિક માહિતી અને નીતિ વિષયક માર્ગદર્શક સૂચનાઓ

## ▶ કૃષિ મહોત્સવ–૨૦૧૪ની કાર્યવાહીની રૂપરેખા :

૧. કૃષિ મહોત્સવ–૨૦૧૪નો સમયગાળો તા.૨૬/૦૫/૨૦૧૪ થી ૦૯/૦૬/૨૦૧૪ એમ કુલ ૧૫ દિવસનો રહેશે. આ કાર્યક્રમ રજાના દિવસે પણ ચાલુ રહેશે.

૨. તાલુકા પંચાયતની બેઠક મુજબ કલસ્ટરવાઈઝ બેઠકના ગામોમાંથી ગત બે વર્ષના ગામો સિવાયના કોઈપણ એક ગામ ખાતે કૃષિરથ કેમ્પીંગ કરશે અને ત્યાં પાછળ પરિશિષ્ટ–૧માં દર્શાવ્યા મુજબ સવારના ૮.૩૦ થી બપોરના ૧.૦૦ સુધી કાર્યક્રમો ચાલશે.

૩. ઉપરોકત સમયગાળા દરમ્યાન માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં મેગા ઈવેન્ટસ, કૃષિરથ, કૃષિ પ્રદર્શન, સેમિનારો અને પાક પરિસંવાદોનું આયોજન થશે.

૪. દક્ષિણ ગુજરાતના તમામ ૭ જિલ્લાઓના ૪૨ તાલુકાઓના ૩૬૮૨ ગામોના ખેડૂતો લાભાન્વિત થશે.

૬. નવસારી કૃષિ યુનિવર્સિટીના ૨૦૦ કૃષિ વૈજ્ઞાનિકો અને ૧૦૦ પી.જી. વિદ્યાર્થીઓ ૫૧ કૃષિરથો સાથે જોડાઈને કૃષિ નિષ્ણાંત તરીકે સેવા આપશે.

૭. સ્થાનિક પાકને અનુરૂપ ખેતી પધ્ધતિ તેમજ નવીનતમ ટેકનોલોજી અંગે ઈ–સાહિત્ય (ઓડિયો વિઝયુઅલ સીડી) તૈયાર કરીને ગામ દીઠ ૫ થી ૧૦ સીડીનું વિતરણ કરવું.

૮. કૃષિ મહોત્સવ કાર્યક્રમના સ્થળે કૃષિને લગતા સાહિત્યની મોબાઈલ લાઈબ્રેરીની વ્યવસ્થા કરવી.

૯. જિલ્લા નોડલ અધિકારીઓએ કૃષિરથના કાર્યક્રમના સ્થળે રાજયના મંત્રીઓ, સંસદસભ્યો, ધારાસભ્યો, રાજય અને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓની મુલાકાત અંગે અગાઉથી જાણકારી મેળવી લેવી અને તે કાર્યક્રમમાં અચૂક હાજર રહેવું.

## ▶ કૃષિરથ સાથે જનાર કૃષિ વૈજ્ઞાનિકોએ ધ્યાને લેવાની વિગતો :

૧. કૃષિ વૈજ્ઞાનિકોની ટીમો કૃષિરથ સાથે સાત અને આઠ દિવસ માટે સેવા આપશે.

૨. જે તે કૃષિ વૈજ્ઞાનિકે પોતાને ફાળવવામાં આવેલ કૃષિરથ રૂટની સેવામાં દરરોજ સમયસર હાજર થઈ જવાનું રહેશે. કૃષિ વૈજ્ઞાનિકની ગેરહાજરીના કિસ્સામાં જે તે જિલ્લા નોડલ અધિકારીશ્રીએ નજીકના નકૃયુ કેન્દ્રમાંથી તાત્કાલિક અન્ય અધિકારીની નિમણુંક કરીને કૃષિરથ સાથે બે કૃષિ વૈજ્ઞાનિકોની સેવા સુનિશ્ચિત કરવાની રહેશે. કૃષિ વૈજ્ઞાનિકની ગેરહાજરી અંગેનો વિગતે અહેવાલ વિ.શિ.નિ.શ્રીની કચેરીને સત્વરે મોકલી આપવાનો રહેશે.

૩. માંદગી કે અન્ય અનિવાર્ય સંજોગો સિવાય કૃષિરથની સેવામાંથી કોઈપણ કૃષિ વૈજ્ઞાનિકને મુકિત આપી શકાશે નહીં. આવા કિસ્સામાં યુનિટ હેડ ની ભલામણ સાથે મા.કુલપતિશ્રીની મંજૂરી લેવાની રહેશે.

**પાછળના પાને ચાલુ......**

૪. કૃષિરથના સ્થળે દરરોજ સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ દરમ્યાન સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતોના અનુભવોનું આદાન–પ્રદાન થશે. તેઓના અનુભવોનો લાભ અન્ય ખેડૂતોને મળે તે માટે જિલ્લા ખેતીવાડી અધિકારી જે તે તાલુકાના પ્રગતિશીલ ખેડૂતોને વકતા તરીકે નકકી કરશે. કૃષિ વૈજ્ઞાનિકો Facilitator તરીકે સેવા આપશે.

૫. કૃષિ શિબીરમાં સોઈલ હેલ્થ, હાઈટેક એગ્રીકલ્ચર, કેનિંગ, કીચન ગાર્ડનીંગ, રૂફ ટોપ વેજીટેબલ કલ્ટીવેશન, બીજ ઉત્પાદન, બીજ માવજત, સુક્ષ્મ પિયત પધ્ધતિઓ મુલ્યવર્ધન, નિકાસ તેમજ સ્થાનિક પાકોની ખેતી પધ્ધતિઓ જેવા માહિતીપ્રદ વિષયોને સાંકળવા અને તે અંગેની તૈયારી કરીને જવું.

૬. સોઈલ ન્યુટ્રીયન્ટ અને માઈક્રોન્યુટ્રીયન્ટના ફાયદાઓ અંગે ખેડૂતોને સમજ આપવી.

૭. કિસાનોને સ્થળ પર જ આધુનિક કૃષિ પધ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવું.

૮. ઓછુ પાક ઉત્પાદન મેળવતા ખેડૂતોને ઉત્પાદન વધારવા વિસ્તાર પ્રમાણે જરૂરી સમજણ આપવી.

## ▶ માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં મેગા ઈવેન્ટસ :

૧. રાજયની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ઝોન–વાઈઝ આયોજન કરવામાં આવશે.

૨. જિલ્લા કલેકટરશ્રીએ કૃષિ યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી સાથે રહી કામગીરી કરવાની રહેશે

૩. કાર્યક્રમનું સ્થળ નકકી કરવું.

૪. ઝોનના જિલ્લા વહીવટી અધિકારીશ્રીઓની મા. વાઈસ ચાન્સેલરની અધ્યક્ષતામાં મીટીંગ બોલાવવી.

૫. ખેડૂતોને લાવવા લઈ જવા માટે જરૂરી બસોની સંખ્યા નકકી કરી એસ.ટી. નિગમ મારફતે બસોની વ્યવસ્થા નકકી કરવી, જે અંગે ટ્રાન્સપોર્ટ કમીટી બનાવવી.

૬. સેમીનાર અને પ્રદર્શન ગોઠવવા.

## પરિશિષ્ટ–૧

## સૂચિત મોડલ કાર્યક્રમ

| વિભાગ–૧ | | |
|---|---|---|
| **સમય** | **સૂચિત કાર્યક્રમ** | **આયોજક** |
| ૦૮.૩૦ થી ૧૩.૦૦ | પશુ આરોગ્ય કેમ્પ અને પશુ સારસંભાળ માટે માર્ગદર્શન | પશુપાલન ખાતાના અધિકારી /પશુપાલન વૈજ્ઞાનિકશ્રીઓ |
| **વિભાગ–૨** | | |
| ૦૮.૩૦ થી ૦૯.૩૦ | જળ સંચય, કેનાલ સફાઈ, માઈક્રોઈરીગેશન વિષયો ઉપર પરિસંવાદ અને કામગીરીના આયોજનની ચર્ચા તથા સિંચાઈના કાયદા અંગે માહિતી/વકતવ્ય | જળ સંપત્તિ વિભાગ, જી.જી.આર.સી., જી.એલ.ડી.સી અને ડી.આર.ડી.એ. |
| ૦૯.૩૦ થી ૧૦.૩૦ | સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતોના અનુભવોનું આદાન–પ્રદાન | જીલ્લા ખેતીવાડી અધિકારી, પ્રગતિશીલ ખેડૂતો |
| ૧૦.૩૦ થી ૧૨.૦૦ | મા.મુખ્યમંત્રીશ્રીનું ગ્રામજનોને સંબોધન/ ખેત ઉત્પાદન વધારવા જે તે વિસ્તારને અનુરૂપ સી.ડી.મારફતે જીવંત પ્રસારણ | કૃષિ યુનિવર્સિટી / માહિતીખાતું |
| ૧૨.૦૦ થી ૧૩.૦૦ | કૃષિ વિષયક પ્રદર્શન અને નિદર્શન અંગે માર્ગદર્શન, કિટ વિતરણ તેમજ કૃષિ વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા ખેડૂતોપયોગી સ્થાનિક પ્રશ્નો અંગે માર્ગદર્શન | કૃષિ રથ ટીમ / કૃષિ વૈજ્ઞાનિકશ્રીઓ |

જા.નં. વિશિનિ/ટી–૧/ વેબ.૧૦/૨૦૧૪
નવસારી તા. ૨૦/૦૫/૨૦૧૪

સહી/–
**વિસ્તરણ શિક્ષણ નિયામક**